# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રીએ અંદાજપત્રને ભારતના વિકાસ માટે ગેમ-ચેન્જર ગણાવ્યું.

2) નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટને વિવિધ વર્ગો તરફથી સકારાત્મક પ્રતિસાદ

3) રાજ્ય સહિત દેશભરમાં આજે વસંત પંચમીની આસ્થાપૂર્વક ઉજવણી- રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી

4) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મેક્સિકો, કેનેડા અને ચીનથી થતી આયાત પર ટેરિફ લાદ્યા

5) ICC અંડર-19 મહિલા T-20 વિશ્વકપની ફાઇનલમાં ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલાનો પ્રારંભ

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM BUDGET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય અંદાજપત્ર 2025 ને ભારતના વિકાસ માટે ગેમ-ચેન્જર ગણાવ્યું છે, અને વિકસિત ભારત તરફ દેશની યાત્રાને વેગ આપવામાં તેની ભૂમિકા પર ભાર મૂક્યો છે.

ગઈકાલે અંદાજપત્ર રજૂ કરાયા બાદ પોતાના સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું હતું કે, કેન્દ્રીય અંદાજપત્ર એઆઈ, રમકડા ઉત્પાદન, કૃષિ, ફૂટવેર, ફૂડ પ્રોસેસિંગ અને ગિગ અર્થતંત્ર સહિત અનેક ક્ષેત્રોમાં નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને ટકાઉ વિકાસ માટે માર્ગ મોકળો કરે છે.

. . . . . . . . . . . . . . .

# BUDGET RESPONSE

નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટ 2025-26 ને વિવિધ વર્ગો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે, જેમાં વેપારી મંડળો, ઉદ્યોગ નિષ્ણાતો, અર્થશાસ્ત્રીઓ અને સામાન્ય લોકોએ મધ્યમ વર્ગને કર રાહત આપવા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને કૌશલ્ય વિકાસને વેગ આપવાના સરકારના પ્રયાસોની પ્રશંસા કરી છે.

આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, સામાન્ય લોકોએ પણ બજેટને આશાસ્પદ ગણાવ્યું. કારણ કે તે મધ્યમ વર્ગ, રોજગાર, માળખાગત સુવિધાઓ, નિકાસ અને પર્યટન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## (BYTE : BUDGET રિએક્શન )

. . . . . . . . . . . . . . . .

# GOVERNMENT CAPITAL EXPENDITURE

સરકારે નાણાકીય વર્ષ 2025-26 માટે કેન્દ્રીય બજેટમાં 11.21 લાખ કરોડ રૂપિયાનો મૂડી ખર્ચ લક્ષ્યાંક નક્કી કર્યો છે, જે માળખાગત વિકાસ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

સરકારે સંરક્ષણ અને રેલ્વે માટે નોંધપાત્ર બજેટ ફાળવણી કરી છે. આ કેન્દ્રીય બજેટમાં સંરક્ષણ માટે રેકોર્ડ 6 લાખ 81 હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે ચાલુ નાણાકીય વર્ષથી 9.53 ટકાનો વધારો છે.

રેલ્વે અને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, રેલ્વે માટે મૂડી ખર્ચ ખૂબ મોટો છે, જેમાં કુલ અંદાજપત્રીય સમર્થન 2.52 લાખ કરોડ રૂપિયાથી વધુ છે.

. . . . . . . . . . . . . . . .

# GUJARAT - ACCIDENT

ગુજરાતમાં ડાંગ જિલ્લામાં આજે વહેલી સવારે યાત્રાળુઓને લઈ જતી એક ખાનગી બસ ઉંડી ખીણમાં પડી જતા 2 મહિલા અને 3 પુરુષો સહિત 5 લોકોના મોત થયા છે.

ગંભીર રીતે ઘાયલ થયેલા 17 લોકોને આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. કુલ 48 યાત્રાળુઓને લઈ જતી બસ ક્રેશ બેરિયર તોડીને લગભગ 35 ફૂટ ઊંડી ખીણમાં પડી . બસ મહારાષ્ટ્રના ત્ર્યંબકેશ્વર થી ગુજરાતના દ્વારકા યાત્રાળુઓને લઈ જઈ રહી હતી, ત્યારે આ અકસ્માત થયો. યાત્રાળુઓ મધ્યપ્રદેશના ગુના, શિવપુરી અને અશોક નગર જિલ્લાના હતા.

. . . . . . . . . . . . . . . .

# MAHAKUMBH-ODOP

ઉત્તરપ્રદેશમાં પ્રયાગરાજ મહાકુંભ મેળો રાજ્યના શિલ્પકારો અને કારીગરોને તેમના હસ્તકલા ઉત્પાદનો પ્રદર્શિત કરવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યો છે. વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ એટલે કે એક જિલ્લા એક ઉત્પાદન પ્રદર્શનમાં રાજ્યના 75 જિલ્લાઓના અનોખા ભૌગોલિક ઉત્પાદનો જોઈ શકાય છે.

આ અંગે અમારા સંવાદદાતાનો એક અહેવાલ સાંભળીએ ..

## (BYTE: દીપેન્દ્ર)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PREZ-PM-BASANT-PANCHAMI

આજે વસત પંચમી છે. પ્રકૃતિના મહાપર્વ સમા વસંત પંચમીથી પ્રકૃતિ નવુ સ્વરૂપ ધારણ કરે છે.

રાજ્ય સહિત દેશભરમાં આજે વસંત પંચમીની આસ્થાપૂર્વક ઉજવણી કરાઇ રહી છે. આજના દિવસે માં શારદાની પૂજાનું વિશેષ મહત્વ હોય છે. અનેક સંસ્થાઓ દ્વારા આજે સરસ્વતી આરાધનાના આયોજનો કરાયા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વસંત પંચમી અને સરસ્વતી પૂજા નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા પર એક સંદેશમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ શુભેચ્છા પાઠવતા ભારત વિશ્વના જ્ઞાન કેન્દ્ર તરીકે સ્થાપિત થાય તેવી કામના કરી છે.. પ્રધાનમંત્રી મોદીએ પણ સોશિયલ મીડિયા પોસ્ટમાં વસંત પંચમીની શુભેચ્છાઓ પાઠવી છે .

. . . . . . . . . . . . . . . .

# US-IMPOSES-TARIFFS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મેક્સિકો, કેનેડા અને ચીનથી થતી આયાત પર ટેરિફ લાદ્યા છે.

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ગઈકાલે રાત્રે આ પ્રતિબંધોને મંજૂરી આપતા 3 એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા. જેમાં મેક્સિકોથી થતી આયાત પર 25 ટકા ડ્યુટી, કેનેડાથી થતી આયાત પર 25 ટકા ડ્યુટી ઉર્જા સ્ત્રોતો પર 10 ટકા ડ્યુટી અને ચીનથી થતી આયાત પર વધારાની 10 ટકા ડ્યુટી લાદવાની મંજૂરી આપવામાં આવી છે.

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, અમેરિકામાં ડ્રગ્સ અને ઇમિગ્રન્ટ્સના ગેરકાયદેસર પ્રવાહને રોકવાના પ્રયાસના ભાગ રૂપે આ કાર્યવાહી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

# CANADA - MEXICAN US TARIFFS

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફના જવાબમાં, કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ દેશમાં આવતા $155 બિલિયનના મૂલ્યના અમેરિકન માલ પર 25 ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ઓટાવામાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, શ્રી ટ્રુડોએ મંગળવારથી 30 બિલિયન ડોલરના મૂલ્યના અમેરિકી આયાત પર 25 ટકા ટેરિફ અને 21 દિવસમાં 125 બિલિયન ડોલરના અમેરિકન માલ પર સમાન ટેરિફની જાહેરાત કરી.

દરમિયાન મેક્સીકોના રાષ્ટ્રપ્રમુખ ક્લાઉડિયા શેનબૌમે કહ્યું કે, તેમનો દેશ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ સામે જવાબી કાર્યવાહી કરશે.

ચીને પણ ચીની આયાત પર ૧૦ ટકા વધારાનો ટેરિફ લાદવાના પગલાનો વિરોધ કર્યો છે. એક નિવેદનમાં, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે યુએસના એકપક્ષીય ટેરિફમાં વધારો WTO નિયમોનું ગંભીર ઉલ્લંઘન કરે છે, અને આ પગલું ઘરેલુ યુએસની સમસ્યાઓનું નિરાકરણ લાવી શકતું નથી.

. . . . . . . . . . . . . . .

# CRICKET-U19 WOMENS WC

ICC અંડર-19 મહિલા T-20 વિશ્વકપની ફાઇનલમાં આજે ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો ચાલી રહ્યો છે.

મલેશિયાના કુઆલાલાલંપુરમાં રમાઈ રહેલી આ મેચમાં દ. આફ્રિકાએ ટોસ જીતી બેટીંગ પસંદ કરી છે. છેલ્લા મળતા સમાચાર મુજબ 18 ઓવરમાં 7 વિકેટે 80 રન બનાવ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# MUMBAI- COCAINE SEIZURE

મુંબઈમાં, આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર કસ્ટમ અધિકારીઓએ આશરે દોઢ કિલો માદક પદાર્થનો જથ્થો જપ્ત કર્યો હતો. જેની બજાર કિંમત આશરે 16 કરોડ 49 લાખ રૂપિયા છે. આ કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

# SUDAN--RSF--KILLED

સુદાનની રાજધાની ખાર્તુમની ઉત્તરે આવેલા ઓમદુરમનમાં એક ભીડભાડવાળા બજારમાં અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સિસ (RSF) એ કરેલ ગોળીબારમાં 54 નાગરિકો માર્યા ગયા અને 150થી વધુ ઘાયલ થયા છે.

નજરે જોનાર લોકો મુજબ આ હુમલો RSFના નિયંત્રણ હેઠળના પશ્ચિમ ઓમદુરમન થી કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગત અઠવાડિયે RSF દ્વારા અલ ફાશેરની એક હોસ્પિટલમાં કરાયેલા હુમલામાં 70 લોકો માર્યા ગયા હતા.

આંતરાષ્ટ્રીય સંગઠનોના અંદાજ પ્રમાણે સુદાનમાં એપ્રિલ 2023 થી SAF અને RSF વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં 24 હજાર 683 લોકો માર્યા ગયા છે. દોઢ કરોડથી વધુ લોકો બેઘર થયા છે.

. . . . . . . . . . . . . . . .

# ISRAEL-HAMAS-HOSTAGE-RELEASE

હમાસ સાથેના વર્તમાન યુદ્ધવિરામ હેઠળ ઇઝરાયલે ગઈકાલે 8 પેલેસ્ટિનિયન બંધકોને મુક્ત કર્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઇજિપ્ત મોકલ્યા બાદ, મુક્ત કરાયેલા બંધકોને તુર્કી, કતાર, અલ્જેરિયા અને ટ્યુનિશિયા મોકલવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું કે, મુક્ત કરાયેલા કેદીઓને અન્ય દેશોમાં મોકલવામાં ન આવે ત્યાં સુધી ઇજિપ્ત મધ્યસ્થી કેન્દ્ર તરીકે કામ કરશે.

દરમિયાન ગઈકાલે, હમાસે ઇઝરાયલ સાથેના યુદ્ધવિરામ કરારના ભાગ રૂપે 3 બંધકોને રેડ ક્રોસને સોંપ્યા હતા. ગયા મહિનાની 19મી તારીખે યુદ્ધવિરામ શરૂ થયા પછી હમાસે અત્યાર સુધીમાં 18 બંધકોને મુક્ત કર્યા છે. આમાં ઇઝરાયલી અને વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. બદલામાં, ઇઝરાયલે સેંકડો પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા છે.

. . . . . . . . . . . . . . . .